ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૧(૯)૦૯
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, વડી કચેરી,
ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા.૧૯-૦૨-૨૦૧૦.

:-: પ રિ પ ત્ર :-:

વિષય:- નિગમની વસાહતોમાં રાષ્ટ્રીય સ્તરની માન્ય સંસ્થાઓ દ્વારા રાષ્ટ્રીય સ્તરનો "નોલેજ સેન્ટર / રીસર્ચ સેન્ટર" સ્થાપવા માટે જમીન ફાળવણીની કિંમત ભરવા માટે વધુ સમય અને વ્યાજ દરમાં રાહત આપવા બાબત.

સંદર્ભ:- (૧) નિગમના નીતિ વિષયક પરિપત્ર નં. ઓએન્ડએમ/સીઆઈઆર/રસુ/૩૧/૭૦૧/૯૭ તા.૨૨-૦૪-૧૯૯૭.

નિગમની જુદીજુદી વસાહતોમાં પ્લોટ/શેડ/વાણિજય મિલ્કતો વિગેરેની ફાળવણી કરવામાં આવે છે. જેમાં નાના અને મોટા ઉધોગોનો સમાવેશ થતો હોય છે. ઉપરાંત નિગમની વસાહતોમાં શૈક્ષણિક હેતુસર પણ પ્લોટોની ફાળવણી કરવામાં આવે છે. જેમાં વિતરણ કિંમત લઈ ફાળવણી કરવાનુ ઠરાવ્યુ હોય તેવા કિસ્સામાં ૩૦% રકમ પ્રાથમિક ચુકવણા તરીકે વસુલ લઈ, બાકીની ૭૦% રકમ ત્રણ વર્ષમાં સરખા ત્રિમાસિક હપ્તામાં વ્યાજ સહિત વસુલ લેવાની નીતિ અમલમાં છે.

નિગમની વસાહતોમાં નાના મોટા ઉધોગ તેમજ, શૈક્ષણિક સંસ્થા, હોસ્પિટલ માટે જમીન ફાળવણીની રજુઆતો મળે છે. કેટલીક સંસ્થાઓ દ્વારા ઔદ્યોગિક વિકાસને ઉચ્ચ સ્તરે વેગ મળે તેવી રાષ્ટ્રીય સ્તરના "નોલેજ સેન્ટર/રીસર્ચ સેન્ટર" સ્થાપવા માટે જમીનની માંગણી મળે છે, આવા પ્રોજેક્ટ થકી કોઈ ખાસ ક્ષેત્રમાં (જેમ કે કેમીકલ, એન્જીનીયરીંગ,પ્લાસ્ટીક વિગેરે) તાલીમ આપી નોકરીની તકો વધારવામાં આવે છે. અનુભવે જણાયું છે કે આવા પ્રોજેક્ટ સ્થાપવા અન્ય રાજયો દ્વારા પણ આવી સંસ્થાઓનો સંપર્ક કરવામાં આવે છે અને પ્રોત્સાહનો પણ અપાય છે. આવી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓ ખૂબજ જાણીતી પ્રતિષ્ઠિત અને "નહી નફો નહી નુકશાન"ના ધોરણે સંચાલિત હોય છે. રાજયમાં મોટાપાયે મુડીરોકાણ આવી રહયું છે ત્યારે ઔદ્યોગિક ગૃહોને કુશળ કારીગરો મળે અને રાજયમાં રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટને વેગ મળે તે ઈચ્છનીય છે. આવી સંસ્થાઓ દ્વારા રાજયમાં પ્રેસ્ટીજીયશ પ્રોજેક્ટ/સેન્ટર સ્થાપવાથી જે તે ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ અને ટેકનોલોજીને પણ પ્રોત્સાહન મળશે તેનાથી વિદેશી મૂડી રોકાણ (FDI) પણ મળવામાં પ્રોત્સાહનરૂપ થશે. આવી "નહી નફો નહી નુકશાન"ના ધોરણે સંચાલિત સંસ્થાઓ પાસે રાષ્ટ્રીય કક્ષાના પ્રેસ્ટીજીયસ પ્રોજેક્ટ સ્થાપવા માટે ટેકનોલોજી અને માનવ સંસાધન હોય છે. પરંતુ, તેમની પાસે મૂડી (કેપીટલ) મર્યાદિત પ્રમાણમાં હોય છે. તેથી જમીનની ફાળવણી કિંમત ચુકવવામાં જો આવી સંસ્થાઓને વધુ સગવડ આપવામાં આવે તો આવી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓને ગુજરાતમાં રાષ્ટ્રીય કક્ષાના "નોલેજ સેન્ટર/આર એન્ડ ડી સેન્ટર/ટેક્નોલોજી સેન્ટર" જેવા પ્રોજેક્ટ સ્થાપવામાં પ્રોત્સાહન મળશે. આવી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓને રાષ્ટ્ર સ્તરનો "નોલેજ સેન્ટર / આર એન્ડ ડી સેન્ટર" માટે જમીનની ફાળવણીની કિંમત ચુકવવાની શરતોમાં સુધારો કરવાની આવશ્યકતા

જાણ તા નિગમની વસાહતોમાં રાષ્ટ્રીય સ્તરની માન્ય સંસ્થાઓ દ્વારા રાષ્ટ્રીય સ્તરનો "નોલેજ સેન્ટર / રીસર્ચ સેન્ટર" સ્થાપવા માટે જમીન ફાળવણીની કિંમત ભરવા માટે વધુ સમય અને વ્યાજ દરમાં રાહત આપવા માટે નીચે મુજબના ધારા ધોરણો અને શરતો નક્કી કરવામાં આવે છે.

(૧) સંસ્થા રાષ્ટ્રીય કક્ષાની હોવી જોઈએ, જેનું કાર્યક્ષેત્ર સમગ્ર દેશ હોય. સંસ્થા પોતાના ક્ષેત્રમાં રાષ્ટ્રીય કક્ષાની જણાતી હોવી જોઈએ, તે ઓછામાં ઓછાં ૦૫ (પાંચ) વર્ષથી કાર્યરત હોવી જોઈએ.

(૨) સંસ્થાની ૧૦ હેક્ટરથી વધુ જમીનની માંગણી હોવી જોઈએ.

(૩) સંસ્થા દ્વારા જમીન ફાળવણી પછી ૦૩ (ત્રણ) વર્ષની અંદર ઓછામાં ઓછું રૂ.૫૦ કરોડનું મૂડી રોકાણ કરવાનું રહેશે અને આ સમયગાં ઓછામાં ઓછાં ૫૦ વ્યક્તિઓને સીધી રોજગારી આપવાની રહેશે.

(૪) સંસ્થાનો પ્રોજેક્ટ રાષ્ટ્રીય કક્ષાના હોવો જોઈએ અને તે "નોલેજ સેન્ટર/આર એન્ડ ડી સેન્ટર/ટેકનોલોજી સેન્ટર" અથવા "ઉચ્ચ સ્તરીય ટ્રેનીંગ સેન્ટર" સ્થાપવાનો હોવો જોઈએ. ફાળવેલ જમીન અને પ્રોજેક્ટમાં તેની હેતુલક્ષી પ્રવૃતિ જ હોવી જોઈએ.

(૫) આવી સંસ્થાને ઉપર જણાવેલ પ્રોજેક્ટ માટે જમીનની ફાળવણી કરવાની થાય ત્યારે પ્રાથમિક ચુકવણાની ૩૦% રકમ વસુલ લઈ બાકીની ૭૦% રકમ ત્યાર પછી ૦૭ (સાત) વર્ષમાં ૨૮(અઠ્ઠયાવીસ) સરખા ત્રિમાસિક હપ્તામાં વાર્ષિક ૪% સાદા વ્યાજના દર સાથે વસુલ લેવામાં આવશે.

આવી દરખાસ્તને મંજુરી આપવાની સઘળી સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી હસ્તક રહેશે. જેથી આવી દરખાસ્ત વડી કચેરીએ સાદર કરતાં પહેલાં તેની પૂરેપૂરી ચકાસણી કર્યા બાદ સ્પષ્ટ અભિપ્રાય સાથે દરખાસ્ત કરવાની રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ ઉપરોક્ત નીતિ વિષયક સુચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજર(વિતરણ)ને પાઠવવી.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

- નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ
- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ તેમજ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળોના પ્રમુખશ્રીઓને જાણ કરવા સારૂ.

રવાના કર્યું
મેનેજર(મહેકમ)